# ડિઝલમાં દર મહિને ભાવવધારો

નવી દિલ્હી, તા.૧

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વધુ એક મોટો ફટકો હવે સતત પડે તેવા સંકેત મળી રહ્યા છે. મળતી માહિતી મુજબ હવે દર મહિને ડિઝલની કિંમતમાં વધારો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. ડિઝલની કિંમત દર મહિને ૪૦-૫૦ પૈસા પ્રતિ લીટર વધારવામાં આવશે. પેટ્રોલિયમ પ્રધાન વિરપ્પા મોઈલીએ પોતે આ મુજબની માહિતી આપી હતી. મોઈલીએ કહ્યુ હતુકે આગામી આદેશ સુધી ડિઝલની કિંમત દર મહિને ૪૦-૫૦ પૈસા વધતી રહેશે. સરકારે ૧૭મી જાન્યુઆરીના ડિઝલની કિંમતને આંશિકરીતે અંકુશમુક્ત કરી દીધી હતી ત્યાર બાદ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ડિઝલની કિંમત નક્કી કરવાનો અધિકાર મળી ગયો હતો. ઓઈલ કંપનીઓનો દાવો છે કે ડિઝલની કિંમત પર તેમને લીટરદીઠ રૂપિયા



નવનું નુકશાન થઈ રહ્યુ છે. પેટ્રોલિયમ પ્રધાનના આ નિવેદન બાદ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ડિઝલની કિંમત વધારવા માટે લીલીઝંડી મળી ગઈ છે. સરકાર એવો નિર્ણય લેશે કે ક્યારે વધારો કરવામાં આવે. આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેકસિંહ આહલુવાલિયાએ કહ્યુ હતુ કે આશરે ૧૦ દિવસ પહેલા આ અંગે વિગતવાર ચર્ચા થઈ હતી. તેમણે એમ પણ કહ્યુ હતુ કે કંપનીઓને ડિઝલ પર નવ રૂપિયાનું નુકસાન થઈ રહ્યુ છે. જો ૫૦ પૈસા દર મહિને વધારવામાં આવશે તો ૧૮ મહિનામાં ડિઝલ પર નુકસાન ખતમ થઈ જશે. સરકાર આ અગાઉ બલ્ક યુઝર્સ માટે ડિઝલની કિંમતમાં પ્રતિલિટર ૧૦ રૂપિયાનો વધારો કર્યો હતો. ત્યારબાદ બલ્ક યુઝર્સો સીધીરીતે પેટ્રોલપંપથી ડિઝલની ખરીદી શરૂ કરી હતી. આનાથી બલ્ક યુઝર્સ માટે ડિઝલની કિંમત વધારવાની કોઈ અસર દેખાઈ રહી ન હતી. એમ માનવામાં આવે છે કે ડિઝલની કિમતમાં દર મહિને વધારો કરવાના નિર્ણય પાછળનું આ કારણ હોઈ શકે છે. મોઈલીનું કહેવું છે કે વધુ આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી મહિને વધારો કરવામાં આવશે. જો કે મોઈલીએ કહ્યુ હતુ કે ઓઈલ કંપની બીજો ભાવ વધારો ક્યારે ઝીંકશે તે અંગે વાત કરી ન હતી. વાર્ષિક સબસિડીમાં આનાથી ૧૨૯૦૭ કરોડ રૂપિયાની બચત થઈ શકે છે. મોઈલીએ કહ્યુ હતુકે ગુજરાત અને તમિળનાડુ જેવા રાજ્યો સીધીરીતે પંપ પરથી ખરીદી કરી રહ્યા છે. ઓઈલ કંપનીઓ પાસેથી ડિઝલની ખરીદી કરી રહ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૭મી જાન્યુઆરીએ ઓઈલ કંપનીઓએ ડિઝલની કિંમતમાં ૪૫ પૈસાનો વધારો કર્યો હતો. લોકલ વેટનો સમાવેશ કરવામાં આવ્યા બાદ ડિઝલની કિંમત દિલ્હીમાં ૫૦ પૈસા વધી હતી અને હાલ દિલ્હીમાં ડિઝલની કિમત ૪૭.૬૫ રૂપિયા છે.

### વિમાની ભાડા પણ વધી શકે

## જેટ ફ્યુઅલની કિમતમાં પ્રતિ કિલોલીટર જંગી વધારો થયો

નવી દિલ્હી, તા.૧

સરકારે આજે જેટ ફ્યુઅલ અથવા તો એર ટર્બાઈન ફ્યુઅલ અથવા તો એટીએફની કિંમતમાં પ્રતિ કિલોલીટર ૧૩૨૫ રૂપિયાનો વધારો કરી દીધો હતો. કિંમતમાં વધારો કરવામાં આવ્યા બાદ એવા સંકેત મળી રહ્યા છે કે વિમાની ભાડામાં પણ આંશિક વધારો કરવા એરલાઈન્સ ગણતરી કરી શકે છે. નવા વર્ષમાં પ્રથમ વખત એટીએફની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. જો કે એટીએફની કિંમતમાં ગયા વર્ષે પાંચ વખત વધારો કરવામાં આવ્યો હતો જેના લીધે રોકડ કટોકટીનો સામનો કરી રહેલી એરલાઈન્સને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. જેટ ફ્યુઅલ એરલાઈનના ઓપરેટિંગ ખર્ચ પૈકી ૪૦ ટકાથી વધુ છે. કિંમતમાં વધારો ઝીંકાતા રોકડ કટોકટીનો સામનો કરતી એરલાઈન્સ પર નવો બોજ આવી શકે છે.

પેસેન્જર ભાડામાં કોઈ વધારો ઝીંકવામાં આવશે કે કેમ તે સંબંધમાં કોઈ પણ પ્રતિક્રિયા એરલાઈન્સ તરફથી હજુ સુધી મળી શકી નથી. પરંતુ મળેલી માહિતી મુજબ એરલાઈન્સ ગળાકાપ સ્પર્ધામાં આ દિશામાં આગળ વધી શકે છે.

## દિલ્હીમાં ધુમ્મસથી ટ્રેન, વિમાનની સેવા ખોરવાઈ

નવી દિલ્હી,તા. ૧

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે ફરી એકવાર ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. વીમાની અને રેલવે સેવાને અસર થઈ હતી. મહત્તમ અને લઘુત્તમ તાપમાન ક્રમશ ૨૧.૯ અને ૭.૮ ડિગ્રી નોંધાયું હતું. લો વિઝિબિલીટીના કારણે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ૫૦થી વધુ ફ્લાઈટોના ઓપરેશનને માઠી અસર થઈ હતી. બીજી બાજુ કેટલીક દિલ્હી જતી ટ્રેનો મોડે દોડી રહી છે જેથી યાત્રીઓમાં નારાજગી પણ દેખાઈ રહી છે. આજે સવારે ધુમ્મસની સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ હતી કે સામેની વસ્તુ દેખાઈ રહી ન હતી. ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે બંને રનવે ઉપર વિઝિબિલીટી ૫૦ મીટરથી નીચે પહોંચી ગઈ હતી. ધુમ્મસની રચનામાં હવાઈ પ્રદૂષણ ઉમેરાઈ જતાં તેમાં વધારો થયો હતો. દેશભરમાં ઠંડી ધીમેધીમે ઘટી રહી છે પરંતુ ધુમ્મસની સ્થિતિ વારંવાર સર્જાઈ રહી છે જેના કારણે વિમાની ટ્રેન સેવાને અસર થઈ રહી છે.

## ૨૧મી ફેબ્રુઆરીથી બજેટ સત્ર શરૂ

### ૨૬મીએ રેલવે બજેટ રજુ કરાશે

નવી દિલ્હી, તા.૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે બજેટ સત્ર ૨૧મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને આ બજેટ સત્ર ૧૦મીમે સુધી ચાલશે. સંસદના બજેટ સત્ર દરમિયાન ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રેલવે બજેટ રજુ કરવામાં આવશે. જ્યારે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજુ કરવામાં આવશે. રેલવે પ્રધાન પવન કુમાર બંસલે બજેટમાં યાત્રી ભાડામાં વધારો કરવાનો ઈન્કાર કર્યો નથી તે જોતા રેલવે યાત્રી ભાડામાં વધુ એક વધારો ઝીંકાઈ શકે છે. બીજીબાજુ સામાન્ય બજેટમાં પણ શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવી શકે છે. જેના ભાગરૂપે સર્વિસ ટેક્સની જાળને વધુ વિસ્તૃત બનાવવામાં આવશે. સાથે સાથે કેટલીક નવી સેવાઓ ઉપર ટેક્સ લાગુ કરી દેવામાં આવશે. આર્થિક સર્વે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે રજુ કરવામાં આવનાર છે. બંસલે કહ્યુ છે કે બજેટમાં આવી હિલચાલને લઈને કઈ પ્રક્રિયા હાથ ધરાશે તે અંગે તેઓ વાત કરવા માંગતા નથી. રેલવે વર્ષ ૨૦૧૩-૧૪માં ૬૬૦૦ કરોડની વધારાની કમાણી કરવા માટે આશાવાદી છે. આ રકમ પૈકીની અડધી રકમ ડિઝલની કિમતમાં વધારો કરવામાં આવ્યા બાદ જતી રહેશે. વર્ષ ૨૦૧૨-૧૩માં ડિઝલની કિમતમાં બે વખત વધારો કરવામાં આવ્યો છે. પ્રથમ વખત રૂપિયા પાંચનો અને બીજી વખત રૂપિયા ૧૦.૮૦નો વધારો કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં રેલવે પણ નવી ગણતરીમાં છે. સંસદનું બજેટ સત્ર તોફાની બની શકે છે કારણ કે અનેક એવા મુદ્દા છે જેને લઈને સરકારને ભીંસમાં લેવા માટે વિરોધપક્ષ તૈયાર છે. લોકપાલ બિલનો મુદ્દો પણ છવાશે. આ ઉપરાંત આર્થિક મુદ્દાઓ, આતંકવાદના મુદ્દાઓ, એલઓસી પર તાજેતરમાં જ ભારતીય જવાનોની હત્યા, ભ્રષ્ટાચાર સહિતના મુદ્દાઓ સરકારને મુશ્કેલીમાં મુકી શકે છે. સરકાર પણ બજેટ સત્રને લઈને પોતાની વ્યૂહરચના ઘડી કાઢવામાં હાલમાં વ્યસ્ત બનેલી છે.

## જેટ એરવેઝને ૮૫ કરડો રૂપિયાનો નફો

નવી દિલ્હી,તા. ૧

એરલાઈન કેરિયર જેટ એરવેઝને ડિસેમ્બર ૨૦૧૨માં પૂરા થયેલા ત્રીજા ત્રિમાસિક ગાળામાં ૮૫ કરોડ રૂપિયાનો નફો થયો છે. વધતા જતા ભાડાની સ્થિતિમાં નફો વધ્યો છે. એક વર્ષ અગાઉ આ જ ગાળામાં નુકશાન નોંધાયુ હતુ. બીજીબાજુ જેટ એરવેઝની સ્થિતિમાં હવે સુધાર થયો છે. કુલ આવક બે ટકા વધીને ૪૨૫૧ કરોડ વધી ગઈ છે. જે ડિસેમ્બર ૨૦૧૧ના ગાળામાં ૪૧૬૬ કરોડ રૂપિયા હતી. કંપનીને એક વર્ષ અગાઉના ગાળામાં ૧૭૯ કરોડના નફા સામે ૪૮ કરોડ રૂપિયાનું નુકશાન થયુ છે. જેટ એરવેઝના શેરમાં આજે કારોબાર દરમિયાન ઘટાડો રહ્યો હતો. શુક્રવારના કારોબાર વેળા જેટ એરવેઝના શેર રૂપિયા ૬૨૧ની સપાટીએ પહોંચ્યા હતા. એરલાઈન હાલમાં ખર્ચમાં વધારો તથા એટીએફની કિંમતમાં વધારો થવાના કારણે એક પછી એક મુશ્કેલીનો સામનો કરી રહી છે. આવી સ્થિતિમાં જેટ એરવેઝને ફરી નપો થતા આંશિક રાહત થઈ છે.

## કારગીલ યુદ્ધ પહેલા મુશર્રફે સરહદ પાર કરી : અહેવાલ

ઈસ્લામાબાદ,તા. ૧

કારગીલ યુદ્ધને લઈને હજુ સુધીનો સૌથી મોટો ખુલાસો હવે સપાટી પર આવ્યો છે. કારગીલની પહાડીઓ પર કબજો જમાવવાની પાકિસ્તાની સૈનિકોની સમગ્ર યોજના જનરલ પરવેઝ મુશર્રફના ઈશારે તૈયાર કરવામાં આવી હતી. પાકિસ્તાનમાં દરરોજ થઈ રહેલા નવા નવા ચોંકાવનારા ખુલાસાના ભાગરૂપે આ ખુલાસો સપાટી પર આવ્યો છે. આ ખુલાસાથી સ્પષ્ટ થઈ ગયુ છેકે ભારતની સામે રચવામાં આવેલું કાવતરું મુશર્રફના ઈશારે હતુ. મુશર્રફના નેતૃત્વમાં પાકિસ્તાની સેના, આઈએસઆઈ અને અન્ય સંગઠનો આમાં સામેલ હતા. યુદ્ધથી પહેલા પરવેઝ મુશર્રફે પોતે એલઓસી પાર કરી હતી. પરવેઝ મુશર્રફની આ ચોંકાવનારી વાસ્તવિકતા સપાટી પર આવી છે. અલબત્ત પાકિસ્તાન આ બાબતને હંમેશા ફગાવતું રહ્યું છે કે કારગીલ યુદ્ધમાં તેની કોઈ ભૂમિકા ન હતી. પરંતુ એક પૂર્વ સૈનિક અધિકારી કર્નલ અસ્ફાક હુસેને આ મુજબનો ખુલાસો કર્યો છે. સેવા નિવૃત્ત થયેલા હુસેને પોતાના પુસ્તક વિટનેસ ટુ બ્લન્ડરમાં આ ખુલાસો કર્યો છે કે મુશર્રફે કારગીલ યુદ્ધથી પહેલા ભારત પાકિસ્તાન સરહદની અંકુશ રેખાને પાર કરી હતી.

સરહદ પાર કરીને મુશર્રફે



આશરે ૧૧ કિલોમીટર સુધી ભારતીય સરહદમાં ચકાસણી કરી હતી. ખુલાસામાં એમ પણ કહેવામાં આવ્યું છે કે એલઓસી પાર કરીને ભારતીય સીમામાં ઘૂસેલા મુશર્રફે એક રાત પણ ગાળી હતી. હુસેનના પુસ્તકના કેટલાક હિસ્સાઓ પાકિસ્તાન ટીવી ચેનલ પર દર્શાવવામાં આવ્યા છે. ત્યારબાદ કારગીલ યુદ્ધને લઈને મુશર્રફના કરતૂત લોકોની સામે આવ્યા છે.

અલબત્ત મુશર્રફે પોતે આ આક્ષેપોને રદિયો આપ્યો છે. હુસેને પોતાના પુસ્તકમાં કહ્યુ છે કે ૧૮મી ડિસેમ્બર ૧૯૯૮ના દિવસે કેપ્ટન નદિમ, કેપ્ટન અલી અને હવાલદાર લલકજાન એલઓસી પાર કરીને ભારતીય સરહદમાં રેકી કરવા પહોંચ્યા હતા. ત્યાર બાદ ૨૮મી માર્ચ ૧૯૯૮ના દિવસે મુશર્રફ હેલિકોપ્ટરથી એલઓસી પાર કરીને ભારતીય સરહદમાં ૧૧ કિલોમીટર સુધી અંદર આવ્યા હતા. કર્નલ અમઝદ સબ્બિર પણ મુશર્રફની સાથે હતા. હુસેને પુસ્તકમાં આ જગ્યાનું નામ જકારિયા મુસ્તકર પોસ્ટ આપ્યુ છે જ્યાં મુશર્રફ પહોંચ્યા હતા. આ પુસ્તક ૨૦૦૮માં પ્રકાશિત કરવામાં આવ્યું હતુ પરંતુ આ ખુલાસો હવે આવ્યો છે.

## સાંઈ બાબા ટ્રસ્ટને ૨૦૧૨માં ૨૭૫ કરોડનું દાન મળ્યુ

શિરડી, તા.૧

સાંઈબાબા શિરડી સંસ્થાન ટ્રસ્ટને ગયા વર્ષે શ્રદ્ધાળુઓ પાસેથી ૨૭૪.૭૧ કરોડનું દાન મળ્યુ હતુ. ટ્રસ્ટના એક વરિષ્ઠ અધિકારીએ આજે આ મુજબની માહિતી આપી હતી. સંસ્થાનના કારોબારી અધિકારી કિશોર મોરેએ વાતચીત કરતા જણાવ્યું હતુ કે શ્રદ્ધાળુઓ દ્વારા વર્ષ ૨૦૧૨માં જુદા જુદા સ્વરૂપમાં ૩૬ કિલો સોનુ દાન કરવામાં આવ્યું છે. જેની કિમત ૧૧ કરોડની આસપાસની થાય છે. કિશોર મોરેએ એમ પણ કહ્યુ હતુ કે સંસ્થાને ગયા કેલેન્ડર વર્ષમાં ૩૭૩ કિલોગ્રામ ચાંદી પણ દાનમાં મળી હતી. જ્યારે વર્ષ ૨૦૧૧માં ૪૪૦ કિલો ચાંદી મળી હતી. સંસ્થાનને તાજેતરમાં જ ૩૭ કિલોગ્રામ સોનું અને ૫૧૩ કિલોગ્રામ ચાંદીને સિક્કા બનાવવા માટે ઓગળાવી દીધી હતી. સાઈબાબા શિરડી સંસ્થાન ટ્રસ્ટ પાસે હજુ પણ આશરે ૩૦૦ કિલોગ્રામ સોનુ અને ૪૦૦૦ કિલોગ્રામ ચાંદીનો જથ્થો છે. વર્ષ ૨૦૧૧માં આ ટ્રસ્ટને ૨૨૫.૫૫ કરોડની રોકડ રકમ મળી હતી. ગયા વર્ષે રોકડ દાનમાં ૨૦ટકાનો વધારો થયો હતો. ૨૭૪.૭૧ કરોડની રોકડ રકમ પૈકી ૫૭ કરોડની રકમ સંસ્થાનના દાન કાઉન્ટર મારફતે આવી હતી જ્યારે ૧૮૦.૭૪ કરોડની કમાણી કેશ બોક્સ મારફતે આવી હતી. જ્યારે ૪૦ કરોડની રકમ ઓનલાઈન ચેક મારફતે એવી હતી. મની ઓર્ડર મારફતે પણ રકમ પહોંચી છે. સંસ્થાને વર્ષ ૨૦૧૨માં જુદી જુદી રાષ્ટ્રીયકૃત બેંકોમાં ફિક્સ્ડ ડિપોઝિટના ખાતા ખોલાવ્યા હતા. અહીં ૮૦૩ કરોડની રકમ પડેલી છે. જ્યારે ૨૦૧૧માં ડિપોઝિટ ૫૮૦ કરોડ રૂપિયા હતી. ગયા વર્ષે ફોરેન એક્સચેન્જમાં પણ જંગી વધારો થયો હતો. આ રકમ ૮.૩૦ કરોડની હતી જ્યારે ૨૦૧૧માં આ રકમ ૬.૨૮ કરોડની હતી. શ્રી સાઈબાબા મંદિરને દેશના સૌથી મોટા મંદિરો અને ધાર્મિક સ્થળો પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. અહીં લાખો લોકો દર વર્ષે પહોંચે છે જે સોના અને ચાંદી, રોકડ રકમ દાન કરે છે. આ તમામ સંપત્તિનું ટ્રસ્ટ મારફતે સંચાલન કરવામાં આવે છે.

## જનરલ મોટર્સે શેલ સેડાન કાર લોન્ચ કરી

નવી દિલ્હી,તા. ૧

જનરલ મોટર્સ ઈન્ડિયાએ આજે તેની નવી કોમ્પેક્ટ કાર શેલની નવી આવૃત્તિ લોન્ચ કરી દીધી હતી. આની કિંમત દિલ્હી એક્સ શો રૂમ પર ૪.૯૯ લાખથી ૭.૫૧ લાખ રૂપિયા રાખવામાં આવી છે. જીએમ ઈન્ડિયાના પ્રમુખ અને મેનેજિંગ ડિરેકટર નોવેલ પેડોકનું કહેવું છે કે જીએમ સેડાનની ભારતમાં સારી એવી માંગ છે. ભારતમાં ઉભરી રહેલા બજારમાં આ કાર સ્પર્ધામાં ઉતરી છે. શેલ જીએમના ચાઈનીઝ પાર્ટનર શેક તરફથી નવી ગ્લોબલ પેસેન્જર કાર પ્લેટફોર્મથી બહાર આવી છે. શેલ કાર સ્વીફ્ટ ડિઝાયર અને તાતા મોટર્સની ઈન્ડિગો સાથે સ્પર્ધામાં ઉતરી શકે છે. મારૂતિ સુઝુકીની સ્વીફ્ટ ડિઝાયરની ભારે બોલબાલ રહેલી છે. પેટ્રોલ અને ડિઝલ બંને વિકલ્પમાં આ કાર ઉપલબ્ધ બનશે. પેટ્રોલની કારમાં ૧.૨ લીટરનું એન્જીન હશે જ્યારે ડિઝલમાં ૧.૩ લિટરનું એન્જીન રહેશે. પેટ્રોલ કારની કિમત ૪.૯૯ લાખ અને ડિઝલ કારની કિંમત ૬.૪૧ લાખ રહેશે.

## સમાચાર ઝલક

- બ્રિટન : હાલ બોલાતી મુખ્ય ૬ ભાષાઓમાં ગુજરાતી સામેલ કરાઇ.
- આઇ.પી.એલ.ની હરાજીમાંથી પાક.ક્રિકેટરો બાકાત રહેશે, જોખમ ખેડવા તૈયાર નથી.
- ઇન્ફેક્શનના કારણે દર વર્ષે બે લાખ શિશુનાં મોત : અહેવાલ.
- ઓબામાના કાર્યક્રમમાં નૃત્ય કરનારી કિશોરીની ક્રૂર હત્યા.
- આ વર્ષે નોકરીઓમાં ૬૮% કંપનીઓ ભરતી કરશે.
- કેરળમાં બળાત્કારના કેસમાં નિર્દોષ છૂટનારા સામે સુપ્રીમે રોક લગાવી.
- ફેબ્રુઆરીનાં મધ્યમાં ક્રિકેટર ચેતેશ્વર પુજારા, પૂજા પાબારી સાથે પ્રભુતાંના પગલાં પાડશે.
- અમરનાથ યાત્રીકો માટે શારીરિક ચકાસણી ફરજીયાત, વિના મૂલ્યે પ્રમાણપત્ર અપાશે.
- સગીર ગુન્હેગાર માટેની વય મર્યાદા ઘટાડવાનું યોગ્ય નથી : જસ્ટીસ વર્મા.
- આચારસંહિતાના ભંગ બદલ અભિનેતા અસરાની કોડીનાર કોર્ટમાં હાજર થયા.
- વર્ધીના દરોમાં થયેલા વધારાના પગલે એસ.ટી. બસ લગ્ન પ્રસંગો માટે ભાડે લેવાનું પ્રમાણ ઘટી ગયું.
- ઇરાનમાં ગુન્હો કર્યોને તેની આંગળી કાપી લેવામાં આવશે.
- રાજયમાં બે તૃતીયાંશ વિસ્તારોમાં પીવાનાં પાણીની કારમી તંગી.
- વિદ્યા સહાયકો ગામડાઓમાં રહેવા તૈયાર નથી.
- સાક્ષરતા વધારવા રાત્રી શાળાઓ બંધ કરવાનો નિર્ણય.

## આફ્રિકી દેશ ઝિમ્બાબ્વેની આર્થિક હાલત અતિ કફોડી

હરારે,તા. ૧

આફ્રિકી દેશ ઝિમ્બાબ્વેની આર્થિક હાલત અતિ કફોડી બનેલી છે. સરકારની પાસે કર્મચારીઓને આપવા માટે કર્મચારીઓને વેતન આપ્યા બાદ માત્ર ૨૧૭ ડૉલર રહી ગયા હતા. અલબત્ત એક દિવસ બાદ જ ત્રણ કરોડ ડૉલરની રકમ આવી ગઈ હતી. સરકાર પાસે કર્મચારીઓની આપવા માટે નાણાં નથી. સાથે સાથે ચૂંટણીના ખર્ચ માટે નાણાં રહ્યા નથી. નાણાંપ્રધાન ટેંડઈ બીટીએ કહ્યું છે કે દેશના જાહેર ભંડોળમાં ગયા સપ્તાહમાં કર્મચારીઓને પગારની ચૂકવણી કર્યા બાદ ખૂબ ઓછી રકમ રહી ગઈ હતી. નાણાંમંત્રીએ આ અંગે ખુલાસો કરતા કહ્યું છે કે સરકાર ચૂંટણી માટે નાણાં ખર્ચ કરવામાં સક્ષમ નથી. આ સંબંધમાં આંતરરાષ્ટ્રીય સમુદાય પાસેથી મદદ માંગવામાં આવી છે પરંતુ સરકારને પણ આ સ્થિતિમાંથી બહાર આવવા માટે તાત્કાલિક ધોરણે પગલાં લેવા પડશે. આ વર્ષે સરકારનું રાષ્ટ્રીય બજેટ ૩.૮ અબજ છે અને એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આર્થિક વિકાસ ૫ ટકાના દરે વધી શકે છે. ઝિમ્બાબ્વેમાં આ વર્ષે જ ચૂંટણી યોજાનાર છે જેમાં પ્રમુખ રોબર્ટ મુગાબેની પાર્ટી જાનુ પીએફ પાર્ટીની ટક્કર ટેડઈ બીટીની મુવમેન્ટ ફોર ડેમોક્રેટીક ચેન્જ સાથે થશે. ઝીમ્બાબ્વે દક્ષિણ આફ્રિકામાં આવેલું દેશ છે. ઝીમ્બાબ્વે દક્ષિણ આફ્રિકા સાથેની સરહદ ધરાવે છે. ઝીમ્બાબ્વેનું પાટનર તરીકે હરારે છે. હાલમાં નાણાંકીય તકલીફ ઊભી થયેલી છે. ઝીમ્બાબ્વેમાં ત્રણ મુખ્ય ભાષા બોલવામાં આવે છે જેમાં ઈંગ્લિશ, સોના અને સિંદેબેલનો સમાવેશ થાય છે.

### 'શબ્દ સેતુ' (પાના નં. ૪ નું ચાલુ)

● સમાચાર સેતુ

**સુમંત શાહના બે કાવ્ય સંગ્રહોનું લોકાર્પણ**

● જાણીતા સાહિત્ય સંસ્થા ગુજરાત સાહિત્ય સંગમના ઉપક્રમે ગાંધીનગર ખાતે નિવૃત્તિના સમયનો ઉર્ધ્વ ચેતના સંકોરવામાં આને સમાજપયોગી કાર્યો કરવામાં વિનિયોગ કરી રહેલાં ગાંધીનગર સાહિત્ય સભાના કોષાધ્યક્ષ અને સાહિત્ય સર્જક સુમંતભાઈ શાહના બે કાવ્યગ્રંથો 'શ્રી વલ્લભ દર્શન' અને 'સમ્યક દર્શન' નો લોકાર્પણ કાર્યક્રમ તા. ૦૩-૦૨-૨૦૧૩ના રવિવારે સાંજે ૪ : ૦૦ કલાકે પી.કે. ચૌધરી મહિલા કૉલેજ સંકુલ સેકટર-૭ડી ગાંધીનગર ખાતે રાખવામાં આવેલો છે. જેમાં ગ્રંથ લોકાર્પણ 'ગાંધીનગર સમાચાર'ના તંત્રી કૃષ્ણકાંત જહાનાં વરદ હસ્તે, સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ તથા ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટની ઉપસ્થિતિમાં થશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે પૂર્વ સચિવ ગુજરાત રાજ્ય રસીલકાલ કે. શાહ તથા પી.કે. ચૌધરી કૉલેજના આચાર્યા ઉર્મિલાબેન ચૌધરી ઉપસ્થિત રહેશે. લોકાર્પણ સમારંભના અધ્યક્ષ પદે ગુજરાત રાજયનાં પૂર્વ મંત્રી ઈશ્વરસિંહજી ચાવડા પ્રાસંગિક ઉદ્બોધન અને આશીર્વચન પાઠવશે.

## આશિષ નંદીને સુપ્રીમ કોર્ટની રાહત

નવી દિલ્હી, તા. ૧

જયપુર સાહિત્ય મહોત્સવમાં કથિત દલિત વિરોધી નિવેદન બાબતે મુશ્કેલીમાં મુકાઈ ગયેલા જાણીતા સમાજ વિજ્ઞાની અને લેખક પ્રો. આશિષ નંદીને સુપ્રીમ કોર્ટે શુક્રવારે મોટી રાહત આપી છે. કોર્ટે તેમની ધરપકડ પર રોક લગાવી દીધી છે. આ રોક જયપુર જ નહીં અન્ય રાજ્યોમાં પણ તેમના વિરુદ્ધ દાખલ થયેલા કેસો પર લગાવાઈ છે.

કેસ રદ કરવાની તેમની અપીલ બાબતે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર રાજસ્થાન, મહારાષ્ટ્ર, અને છત્તીસગઢ સરકારે નોટીસ ઈસ્યૂ કરી જવાબ માગ્યો છે.

ચીફ જસ્ટીસ અલીમસ કબીરની અધ્યક્ષતાવૌળી બેન્ચે નંદીની ધરપકડ પર રોક લગાવવા સાથે જ કહયું છે કે તે આ પ્રકારના નિવેદન દેવાનું ચાલુ ન રાખે. તમારો હેતુ કોઈપણ હોય પરંતુ તમે આ પ્રકારના નિવેદન કરી શકો નહીં. બેન્ચે ૭૬ વર્ષના નંદી તરફથી વરિષ્ઠ વકીલ અમન લેખીએ કહ્યું હતું કે, તમારા અસીલને કહો કે તેમની પાસે આ પ્રકારના નિવેદન આપવાનું કોઈ લાયસન્સ નથી. પીઠે છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને બિહારની સરકારોને પણ નોટીસ મોકલીને ચાર સપ્તાહમાં તેનો જવાબ માંગ્યો છે. કેમ કે નિવેદનોના સંબંધમાં નંદી વિરુદ્ધ રાયપુર, નાસિક અને પટણામાં પણ એફઆઈઆર નોંધાયેલી છે.

આ બેન્ચમાં જસ્ટીસ એ આર દવે અને જસ્ટીસ વિક્રમજીત સેન પણ સામેલ હતા. બેન્ચે નંદીને જણાવ્યું હતું કે, નિવેદન જવાબદારીથી અપાવું જોઈએ. જ્યારે લેખીએ બેન્ચને એ કહેવાનો પ્રયાસ કર્યો કે કોઈ વ્યક્તિને તેના વિચાર જાહેર કરવા માટે સજા નથી આપી શકાતી તો કોર્ટે કહ્યું, તમે કંઈપણ એવું કેમ કરો છો જે તમારો ઈરાદો નથી. કાર્યવાહી દરમિયાન લેખીએ કહ્યું કે એક અપરાધ માટે અલગ અલગ સ્થળે અનેક એફઆઈઆર દાખલ થઈ શકે નહીં, જેના પર બેન્ચે કહ્યું કે આનાથી દરેક સ્થળના લોકોને અસર પડે છે. આ પ્રકારની વાતો ન કરો.

જ્યારે લેખીએ કહ્યું કે ઉન્માદ સર્જવામાં આવ્યો છે. તેના પર બેન્ચે કહ્યું, ઉન્માદ કોણ સર્જી રહ્યું છે નિવેદન કોણે આપ્યું હતું. મહેરબાની કરીને તે કહો જે તમારા અસીલે તમને કહેવા જણાવ્યું છે આશિષ નંદીએ ધરપકડની ભીતિને ધ્યાને લઈ સુપ્રીમ કોર્ટનું શરણું લીધું હતું. પ્રો. નંદી પર જયપુર લિટરરી ફેલીવલ દરમિયાન એસસી-એસટી લોકો વિરુદ્ધ કથિત ટીપ્પણી કરવાનો આરોપ છે. જો કે બાદમાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે, અને આવી ટીપ્પણીઓ ઈન્કાર કરી દીધો હતો. પ્રો. નંદી તરફથી ગુરુવારે એડવોકેટ અમન લેખીએ સુપ્રીમમાં રજૂઆત કરી હતી.

## વિશ્વરૂપમ બાદ હવે ફિલ્મ રેસ-૨ વિવાદમાં ફસાઈ

દેવબંદ, તા. ૧

વિવાદિત તામિલ ફિલ્મ વિશ્વરૂપમ બાદ બોલિવૂડની ફિલ્મ રેસ-૨ પણ હવે વિવાદના ઘેરામાં આવી ગઈ છે.

ફિલ્મ રેસ-૨ના પોસ્ટરોમાં કુરાન પાકની આયાતનો ઉપયોગ કરવા અને મેરઠની એક પ્રકાશન કંપની દ્વારા પ્રસિદ્ધ કરાયેલા પુસ્તકમાં પયગમ્બર મોહમ્મદ સાહેબનું કાલ્પનિક ચિત્ર દર્શાવવા બદલ જમીયત ઉલેમા એ હિંદે વાંધો ઉઠાવ્યો છે.જમિયત ઉલેમા એ હિંદના રાષ્ટ્રીય મહામંત્રી મૌલાના મહેમૂદ મદનીએ ઉગ્ર વિરોધ દર્શાવી આ બાબતે વડાપ્રધાન મનમોહનસિંઘ અને ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન અખિલેશ યાદવને પત્ર લખીને મુસ્લિમ ભાવનાઓને ઠેસ પહોંચાડનાર ફિલ્મ અને પુસ્તક પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે.

આ સાથે જ દેવબંદી ઉલેમાએ પણ આ મામલે કડક વલણ અપનાવવાની સરકાર પાસે માગણી કરી છે.મહેમૂદ મદનીએ કહ્યું છે કે ઈસ્લામ વિરોધી તાકતો દ્વારા એક જાણી જોઈને કરેલી સાજીશ હેઠળ મુસલમાનોની ધાર્મિક ભાવનાઓને ભડકાવવામાં આવી રહી છે. આવી હિણપતભરી હકીકત કરનારા લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.